વર્ષ ૨૦૨૬-૨૭ નવી બાબત

મિશન શક્તિ યોજનાની માર્ગદર્શિકા અંતર્ગત પ્રાયોગિક ધોરણે નારી અદાલત શરૂ કરવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/AWR/e-file/23/2025/1308/A

સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:-**

(૧) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, ભારત સરકારના તા.૧૪/૦૭/૨૦૨૨ના પત્રથી બહાર પાડવામાં આવેલ મિશન શક્તિ યોજનાની માર્ગદર્શિકા

(૨) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય ભારત સરકારનો તા.૦૬/૦૧/૨૦૨૫નો પત્ર ક્રમાંક:DO.NO.ww-23/1/2021/ww

(૩) ગુજરાત રાજ્ય મહિલા આયોગની કચેરીનો તા.૧૬/૧૨/૨૦૨૫નો પત્ર

**પ્રસ્તાવના:**

મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના પત્રથી મિશન શક્તિ યોજનાની માર્ગદર્શિકા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેના સંબલ કમ્પોનન્ટ હેઠળ નારી અદાલત યોજનાનો સમાવેશ કરવામાં આવેલ. ભારત સરકારના વંચાણે લીધા ક્રમાંક (૨) હેઠળના પત્રથી પ્રાયોગિક ધોરણે કુલ-૧૦ ગ્રામ પંચાયત સ્તરે નારી અદાલત શરૂ કરવા જણાવેલ હતું, જે અન્વયે પ્રાયોગિક ધોરણે કુલ-૧૦ ગ્રામ પંચાયત સ્તરે નારી અદાલત શરૂ કરવા માટે રાજ્ય મહિલા આયોગ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક(૩) હેઠળના પત્રથી સને ૨૦૨૬-૨૭માં રૂ.૦.૦૭૯૨ કરોડની નવી બાબતની દરખાસ્ત કરેલ હતી, જે દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

૧. મિશન શક્તિ યોજનાની માર્ગદર્શિકા અંતર્ગત ગ્રામ પંચાયત સ્તરે મહિલાઓ દ્વારા અનુભવાતા નાના પ્રકૃતિના કેસો (ઉત્પીડન, દમન, હકો અથવા અધિકારોનો કાપ) માટે એક વિકલ્પ રૂપે ફરિયાદ નિવારણ મિકેનિઝમ પ્રદાન કરવા તથા જનતા સાથે સંવાદ માટે, જાગૃતિ ફેલાવવા અને યોજનાઓના સુધારણા માટે પ્રતિસાદ મેળવવા તેમજ સરકારી સેવાઓની અસરકારક ડિલિવરી સુનિશ્ચિત કરવા પ્રાયોગિક ધોરણે કુલ-૧૦ ગ્રામ પંચાયત સ્તરે નારી અદાલત શરૂ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

૨. આ યોજના અંતર્ગત નારી અદાલત શરૂ કરવા માટેની ૧૦ ગ્રામ પંચાયતોની પસંદગી કરી તેની યાદી હવે પછી અલગથી જાહેર કરવાની રહેશે.

૩. આ યોજના હેઠળ ખર્ચ કરવા માટેની નાણાકીય જોગવાઇ નીચે મુજબની રહેશે.

| ક્રમ | વિગત | મળવાપાત્ર રકમ<br>**(કુલ-૯ સભ્યો)** | વાર્ષિક મીટીંગની સંખ્યા | કુલ નારી અદાલતોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | મીટીંગ/આઉટ-ઓફ પોકેટ એક્સપેન્સ | ૩૦૦૦/- મીટીંગ દીઠ બધા સભ્યો માટે | ૨૪ | ૧૦ | ૭,૨૦,૦૦૦/- (૩૦૦૦*૨૪*૧૦) |
| ૨ | યુનિફોર્મ | ૭૨૦૦/-<br>(સભ્ય દીઠ રૂ.૮૦૦ લેખે – દર બે વર્ષે) | - | ૧૦ | ૭૨,૦૦૦/-<br>(૭,૨૦૦*૧૦) |

Signature Not Verified
Signed by : Jaydeep Patel
Section Officer
Women and Child Development Department
Date : 2026.05.14 13:48:39 IST



Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | |
|---|---|
| કુલ | ૭,૯૨,૦૦૦ |

**૨. શરતો:**

(૧) આ અંગેનો ખર્ચ તા.૦૧/૦૪/૨૦૨૬ પછીથી કરવાનો રહેશે.

(૨) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી રાજ્ય મહિલા આયોગની કચેરીએ રાખવાની રહેશે.

(૩) સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણપત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/ કીટની ગુણવતા સુનિશ્ચિત કરવાની રહેશે.

(૪) નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.

(૫) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા રાજ્ય મહિલા આયોગની કચેરીએ કરવાની રહેશે.

(૬) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૧૧) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

(૧૪) આ અંગેનો ખર્ચ બજેટ હેડ ૧૦૬-૨૨૩૫-૦૨-૧૦૩-૬૬ નારી અદાલત (૧૦૦% કેન્દ્ર) અંતર્ગત કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૭.૦૫.૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર

પાડવામા આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી,(સ્વ.હ.) મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય મહિલા આયોગ, બ્લોક નં ૪/૧, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી,ઇ (બજેટ)/સંકલન શાખા મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ- વેબસાઇટ પર મુકવા સારુ.

- સિલેકટ ફાઇલ.

Signature Not Verified
Signed by : Jaydeep Patel
Section Officer
Women and Child Development
Department
Date : 2026.05.14 13:48:39 IST



Open the document in Adobe Acrobat DC to verify the E-sign